**મુદ્દા નં. ૪(૧) (ખ)(૮) : તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતું માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ, કાઉન્સીલર, સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ ? અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ ?**

સુરત મહાનગરપાલિકાનો સમગ્ર વહીવટ મુખ્યત્વે સને ૧૯૪૯ના મુંબઇ પ્રાંતિય મહાનગરપાલિકાઓના અધિનિયમની જોગવાઇઓ અનુસાર સદરહું અધિનિયમમાં જણાવ્યા અનુસાર સામાન્ય સભા, સ્થાયી સમિતિ તથા સમાજ કલ્યાણ અને આનંદ પ્રમોદ સાંસ્કૃતિક સમિતિ દ્વારા નીતિ વિષાયક નિર્ણયો લેવામાં આવે છે અને તે મુજબ તેનું કમિશનરશ્રી અને તેના તાબા હેઠળના અધિકારીઓ દ્વારા તેનું અમલીકરણ કરવામાં આવે છે. અત્રેનું ખાતું સુરત મહાનગરપાલિકાના જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે અલાયદી માહિતી નથી. તેવી બેઠકોની કાર્યનોંધ, ઠરાવ સ્વરૂપે www.suratmunicipal.gov.in પર પ્રસિધ્ધ કરવામાં આવે છે.